# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ००૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

રેફ નં. તા: ૩૧/૮/૨૦૧૯

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

## વેપાર – ઉદ્યોગના હિતને ધ્યાનમાં રાખીને બે વર્ષ માટે આઇટીસી ૦૪માંથી મુકિત આપવાના સરકારના નિર્ણયને ચેમ્બરનો આવકાર

ભારત સરકારે વેપાર – ઉદ્યોગને વર્ષ ૨૦૧૭–૧૮ અને ૨૦૧૮–૧૯ના વર્ષ માટે આઇટીસી ૦૪ ફાઇલ કરવામાંથી મુકિત આપવાની જાહેરાત કરતા ચેમ્બર વેપાર – ઉદ્યોગના હિતમાં લેવાયેલા સરકારના આ નિર્ણયને આવકારે છે. આઇટીસી ૦૪ ફાઇલ કરવું કઠીણ હોવાથી વેપાર જગતને ખૂબ જ મુશ્કેલીનો સામનો કરવો પડતો હતો. વ્યાવહારીક રીતે એ શકય પણ ન હોવાથી ચેમ્બર દ્વારા આ અંગે સરકારને વારંવાર રજૂઆત કરવામાં આવી હતી.

વેપારને પડતી મુશ્કેલીને નિવારવા માટે ચેમ્બર દ્વારા સુરત ખાતે જીએસટી ઓપન હાઉસનું પણ આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં જીએસટીના કેન્દ્રના ઉચ્ચ અધિકારીઓને ઓપન હાઉસમાં આમંત્રિત કરીને તેમની સમક્ષ આ બાબતે અસરકારક રજૂઆત કરવામાં આવી હતી. સરકાર દ્વારા આજરોજ જુલાઇ ૨૦૧૭થી માર્ચ ૨૦૧૯ સુધીના જોબવર્કના વ્યવહારો અંગે આઇટીસી ૦૪ રજૂ કરવામાંથી મુકિત આપવામાં આવેલી છે. જે માટે સમગ્ર વેપાર – ઉદ્યોગ વતી ચેમ્બર ભારત સરકારનો આભાર માને છે.

જો કે, જોબવર્ક માટે મોકલેલ માલ તા. ૩૧ માર્ચ ૨૦૧૯ સુધી પરત નહી આવેલો હોય તો તેની ચલણ સહિતની વિગત એપ્રિલથી જૂન ૨૦૧૯ના આઇટીસી ૦૪માં રજૂ કરવાની રહેશે.

સરકારે એન્યુઅલ રીટર્ન બાબતે પણ વેપાર ઉદ્યોગના હીતને ધ્યાનમાં રાખીને ઇન્ડસ્ટ્રીની રજૂઆત સાંભળી હતી અને આજે આઇટીસી ૦૪માં પણ બે વર્ષ માટે રાહત આપી છે, જેને ચેમ્બર આવકારે છે.

જીએસટીમાં વેપાર – ઉદ્યોગને પડતી મુશ્કેલીઓની હકીકતને સ્વીકારવાના સરકારના વલણને ચેમ્બરને હાર્દિક આવકાર આપે છે અને સરકારને અભિનંદન પાઠવે છે.